હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ઘરમાં મીણબત્તી ન હોય તો લઈ રાખજે, ફરી બળાત્કારનો કેઈસ બન્યો છે...!!

રાત્રીના સમયે એકલ-દોકલ વ્યકિતને મારી લૂંટી લેતા ગેંગનો સભ્ય ઝડપાયો

ખાત્રજ પાસેથી એલસીબીએ આરોપીને પકડી પાડતા પાંચ લુંટનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા.૩

રાત્રીના ઘોર અંધકારમાં સુમસામ હાઈ-વે માર્ગ પર એક-બે વ્યકિતઓ તેમજ ટ્રક ચાલકોને

છરો બતાવી લુંટ કરતી ગેંગના એક સભ્યને એલસીબી પોલીસે દબોચી લીધો છે. ગાંધીનગર એલસીબી પોલીસે આરોપીને ખાત્રજ નજીક થી બાઈક અને ૧૮ નંગ મોબાઈલ સાથે પકડી પાડ્યો છે. જયારે પોલીસે આરોપીની આકરી પુછપરછ કરી તો ગાંધીનગર સહિત અન્ય જીલ્લામાં થયેલા પાંચ ગુનાનો ભેદ પોલીસે ઉકેલી નાંખ્યો છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી.કે.રાઠોડ અને ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા, ત્યારે કોન્સ્ટેબલ જીગ્નેશકુમાર અને રાજવીરસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી.જેને પગલે પોલીસે ખાત્રજ ચોકડી પાસેથી નંબર પ્લેટ વિનાના બાઈક સાથે નીકળેયા તૈયબ ડોસલ સિંધી (ઉં.વ.૫૦, રહે.રેથલ,સાણંદ) ને પકડી પાડ્યો હતો. પોલીસે તેની પાસે રહેલી થેલી ચેક કરતા ૧૮ નંગ મોબાઈલ મળી આવ્યા હતા. મોબાઈલ અંગે પોલીસે પુછતાજ કરતા આરોપીએ મોબાઈલ રાજયના વિવિધ જગ્યાએથી લુંટી લીધેલા છે તેમ કહ્યું હતું. ત્યારબાદ પોલીસે ૧૮ નંગ મોબાઈલ કિં.રૂ.૫૮.૦૦૦ અને રૂ.૧૦.૦૦૦ નું બાઈક મળી કુલ રૂ.૬૮,૦૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પોલીસની પુછપરછમાં આરોપીએ જણાવ્યું હતું કે તે તેમજ તેના સાગરીતો રાત્રીના અંધકારમાં રોઝડાનો શિકાર કરવા માટે નીકળતા હતા. તે સમયે કોઈ એક-બે વ્યકિત મળી જાય તો તેને બાંધીને માર મારી લુંટી લેતા હતા. જયારે હાઈ વે પર સ્ત્રીવેશ ધારણ કરીને એક વ્યકિત ઉભો રાખતા અને ટ્રક ચાલક કે વાહન ચાલકને લલચાવી માર્ગની બાજુમાં લઈ જતા હતા, ત્યારપછી બધા એકઠા થઈને છરો બતાવી લુંટ ચલાવતા હતા.

આરોપી અને તેના સાગરીતોએ વિવિધ જગ્યા પર કરેલી લૂંટ

- ત્રણ માસ પહેલા જાસપુર નજીક નર્મદા કેનાલ પાસે આવેલી ઓરડીમાં વ્યકિતને બાંધીને મોબાઈલ અને બાઈક લુંટી લીધુ હતું. તે બનાવ અંગે સાંતેજ પોલીસ મથકે ગુનો નોંધાયો છે.
- બગોદરાથી અમદાવાદ તરફ જવાના માર્ગ પર બે માસ પહેલા હોટલ પાછળ લઘુશંકા માટે ગયેલા વ્યકિતને છરો બતાવી બાંધીને વીંટીઓ અને રૂપીયા લુંટી લીધા હતા.
- સાણંદ પાસેના તેલાવ ગામ નજીક ત્રણ માસ પહેલા કુદરતી હાજતે જતા નાગરીક અને એક ટ્રક ડ્રાઈવરને છરો બતાવી બાંધીને ફોન અને રૂપીયાની લુંટ ચલાવી હતી.
- બાવળા નજીક આઈસર ટ્રકને બે માસ પહેલા ઉભી રખાવી ડ્રાઈવરને છરો બતાવી ચાંદીનું કડુ, મોબાઈલ અને રૂપીયાની લુંટ ચલાવી હતી.
- કચ્છ ગાંધીધામ નજીક ત્રણ માસ પહેલા હાઈ-વે પર એક ટ્રેલર ઉભુ રખાવી ડ્રાઈવરને ચપ્પુ બતાવી મોબાઈલ-રૂપીયા લુંટી લીધા હતા.

આ તસ્વીર હાલના સમયની તાસીર વ્યક્ત કરે છે. ભારત જેવા વિશાળ દેશમાં ઉચ્ચ શિક્ષણ મેળવ્યા બાદ પણ સારી નોકરી મેળવવા, સારો રોજગાર પ્રાપ્ત કરવા ઘણો સંઘર્ષ કરવો પડે છે. 'શિક્ષણથી ગરીબી દૂર થાય છે' એવા વિધાનો આપણે ત્યાં કદાચ કામમાં લાગતા નથી. ઘણીવાર તો એવુ લાગે છે કે બાળકોને ઉચ્ચ શિક્ષણ અપાવવા પાછળ માતા-પિતા પોતાની મૂડી વેડફી દે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં મંદીના માહોલમાં લાખો શિક્ષિત બેરોજગારો આપણી આસપાસ ફરતાં જોઈએ છીએ ત્યારે આ લાગણી વધુ તીવ્ર બને છે. આ તસ્વીરમાં દેખાતા બે બાળકો નાની ઉંમરે ધંધો-રોજગાર કરી રહ્યા છે. આ બાળકો કદાચ એવુ વિચારતા હશે કે ભણીને શુ કરવુ છે... શિક્ષણ મેળવીને આ જ કરવાનુ હોય તો અત્યારથી કેમ નહી..!

ગુર્જર ભારતીના સ્થાપક ડૉ. મહાવીરસિંહ ચૌહાણના રવિવારે સ્મૃતિગ્રંથનું લોકાર્પણ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરની ગુર્જર ભારતી સંસ્થા દ્વારા સંસ્થાના સ્થાપક ડૉ. મહાવીરસિંહ ચૌહાણના સ્મૃતિગ્રંથનું તા. ૮મી ડિસેમ્બર સવારે ૧૦.૩૦ કલાકે લોકાર્પણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમારોહના અધ્યક્ષપદે ગુજરાતી-હિન્દી ભાષાના પ્રસિદ્ધ સાહિત્યકાર જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા સર્જક રઘુવીર ચૌધરી ઉપસ્થિત રહેશે. આ પ્રસંગે મુખ્ય અતિથિપદે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા ઉપસ્થિત રહેશે.

આ કાર્યક્રમ ગાંધીનગરના સેક્ટર-૧૨માં ડૉ. બાબાસાહેબ આંબેડકર હોલ ખાતે યોજાશે. જેમાં પધારવા શહેરના સાહિત્ય સર્જકો તથા ભાવકોને આમંત્રણ પાઠવવામાં આવ્યુ છે.

વિધાનસભા ખાતે રાજેન્દ્ર પ્રસાદના જન્મ દિવસ નિમિત્તે તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પણ

ડો. રાજેન્દ્ર પ્રસાદે ગાંધીજીના અતિ વિશ્વાસુ સાથીદાર તરીકે રહી સ્વતંત્રતા સંગ્રામમાં મહત્વની ભૂમિકા ભજવી હતી : વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી

ઉજી ડિસેમ્બર-૧૮૮૪ના રોજ બિહારમાં જન્મેલા સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદના ૧૩૬મા જન્મદિવસ નિમિત્તે ગુજરાત વિધાનસભા પોડિયમમાં મૂકાયેલ તેમના તૈલચિત્રને વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી દ્વારા ભાવસભર પુષ્પાંજલિ આપવામાં આવી હતી.

આ પ્રસંગે અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ ડૉ. રાજેન્દ્ર પ્રસાદના આઝાદીકાળના સંસ્મરણો યાદ કરતાં કહ્યું હતું કે, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ ગાંધીજીના અતિ વિશ્વાસુ અને સૌથી નજીકના સાથીદાર હતા. ગાંધીજીના માર્ગદર્શન હેઠળ સ્વતંત્રતા સંગ્રામમાં મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે બિહારમાં વિદ્યાપીઠ સ્થાપવામાં અને ખાદી પ્રચારમાં ડૉ. રાજેન્દ્ર પ્રસાદનો મહત્વનો ફાળો છે. આ પ્રસંગે ગાંધીનગર દક્ષિણના ધારાસભ્ય શંભુજી ઠાકોર, વિધાનસભા સચિવ ડી.એમ. પટેલ, ઉચ્ચઅધિકારીઓ/કર્મચારીઓએ ઉપસ્થિત રહી ડૉ. રાજેન્દ્ર પ્રસાદના તૈલચિત્રને પુષ્પ અર્પણ કરીને તેમના જીવનના મુક્તિ સંગ્રામ સમયના સંસ્મરણો યાદ કર્યા હતા.

શહેરમાં લગ્નની સીઝન પુરબહારમાં ખીલી ઉઠી : ઠેર-ઠેર લગ્નોત્સવ

દેવઉઠી એકાદશીથી શરૂ થયેલી લગ્નની સીઝન ૧૫મી ડિસેમ્બર સુધી ચાલશે : શહેરની આસપાસના તમામ પાર્ટીપ્લોટ હાઉસફૂલ

લગ્નની સીઝન હોય એટલે એટલી બધી કંકોત્રીઓ ઘરે આવે કે એ નક્કી કરવુ અઘરૂ પડે કે કયા લગ્નમાં હાજરી આપીશુ ? લગ્નગાળો શરૂ થયો એટલે આવો પ્રશ્ન ઘણાને થઈ રહ્યો છે. આ વર્ષે ખૂબ લગ્નો લેવાયા છે. શહેરની તમામ લગ્નવાડીઓ અને શહેરની આસપાસ આવેલા પાર્ટીપ્લોટ બુક થઈ ગયા છે. લગ્નની શરણાઈઓ ઠેર ઠેર ગુંજી રહી છે.

દેવઉઠી એકાદશીથી લગ્નગાળો શરૂ થયો છે. લગ્નગાળો શરૂ થતાં જ શહેરમાં જાણે ચહલપહલ વધી ગઈ છે. આ વર્ષે દિવાળી સમયે પણ ઠંડુ રહેલુ બજાર લગ્નગાળો આવતા થોડુક ધમધમતુ થયુ છે. બજારોમાં રોનક દેખાઈ રહી છે. સાડીઓ, તૈયાર કપડાં અને ઘરવખરીની ચીજવસ્તુઓની મોટાપાયે ખરીદી થઈ રહી છે. જોકે ગ્રામ્ય વિસ્તારોની ખરીદી ઓછી હોવાનો દાવો વેપારીઓ કરી રહ્યા છે. બજારની સાથોસાથ કેટરર્સ અને મંડપ ડેકોરેટર્સ પણ આજકાલ તેજીમાં છે. આ વર્ષે કમુરતા ઘણો લાંબો સમય ચાલ્યા હતા. હવે માંડ લગ્નગાળો શરૂ થતાં કેટરર્સ અને ડેકોરેટર્સ ઉત્સાહમાં જોવા મળી રહ્યા છે. શહેરમાં ઠેર ઠેર અનેક લગ્નો યોજાઈ રહ્યાં છે. કેટલાક સોસાયટીઓમાં સળંગ બે-ચાર ઘરોમાં લગ્નના પ્રસંગો ઉજવાઈ રહ્યા છે. આ વર્ષે લગ્નોની સંખ્યા વધુ હોવાથી દર પાંચ - છ દિવસે ક્યાંકને ક્યાંક આમંત્રણ હોય જ છે. શહેરમાં આવેલી લગ્નવાડીઓ બુક થઈ ગઈ છે. ઘણા રંગમંચો પર પણ લગ્નો લેવાઈ રહ્યા છે. શહેરની આસપાસ આવેલા પાર્ટીપ્લોટ્સમાં તો લગભગ દરરોજ આઠ-દસ લગ્ન પ્રસંગો ઉજવાઈ રહ્યા છે. શહેરની આસપાસ આવેલા પાર્ટી પ્લોટ્સ રોશનીથી ઝળહળી રહ્યા છે.

હવે તો લગ્ન પહેલા સંગીત અને ગરબા યોજવાનો ટ્રેન્ડ કોમન થઈ ગયો હોવાથી મોડી રાત સુધી ફિલ્મી ગીતો અને ડીજેના તાલે લગ્ન પ્રસંગ હોય તે પરિવારના સભ્યો ઝુમી રહ્યા છે. સંગીતની સુરાવલીઓ દૂર સુધી સંભળાય છે. લગ્ન સમારંભો અને રીસેપ્શનોના કારણે ગાંધીનગર-અમદાવાદ વચ્ચે આવેલા તમામ માર્ગો મોડી રાત સુધી વાહનોની અવરજવરથી ધમધમતા રહે છે. ડીસેમ્બર અને જાન્યુઆરી માસમાં ઘણા એનઆરઆઈ પરિવારોમાં પણ લગ્ન પ્રસંગો ઉજવાશે જેના માટે ડેકોરેટર્સ અને કેટરર્સે તૈયારીઓ આરંભી દીધી છે.

જમીન મુદ્દે ભાણેજને જાનથી મારી નાંખવાની ધમકી આપતા મામા સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર નજીક આવેલા ચિલોડા-ઈસનપુર માર્ગ પર વડીલોપાર્જીત જમીન અંગે મામા ભાણેજને ડખો સર્જાતા મામાના પરિવારે ભાણેજને જાનથી મારી નાંખવાની ધમકી આપતા મામલો પોલીસ મથક સુધી પહોંચ્યો છે. જેને પગલે મહિલાએ પિતરાઈ ભાઈ સહિત ચાર સામે પોતાની જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ અને પુત્રને મારી નાંખવાની ધમકી આપી હોવાની ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

બનાવની પ્રાપ્ત માહિતી મુજબ લવારપુર મલ્હાર બંગ્લોઝ ખાતે રહેતા ભીખીબેન રણછોડભાઈ પટેલ (ઉં.વ.૬૧)ની ચિલોડા ઈસનપુર તરફ જવાના માર્ગ પર તેમના દાદાની જમીન આવેલી છે. દાદા જોઈતારામ ગુજરી જતા જમીનના ભાગ તેમના ત્રણ સંતાનો બબાભાઈ, રણછોડભાઈ અને મણીભાઈ વચ્ચે ભાગ પાડવામાં આવ્યા હતા. જેમાં બબાભાઈને ત્રણ સંતાન છે, રણછોડભાઈને એક જ દિકરી એટલે કે ફરીયાદી ભીખીબેન છે. જયારે મણીભાઈને પણ એક જ દિકરી સવિતાબેન છે. વર્ષ ૧૯૮૭ માં પિતા અને ૧૯૯૬માં માતાના અવસાન બાદ પોતાના ભાગની જમીનની દેખરેખ તેઓ રાખતા હતા. સપ્ટેમ્બર માસમાં ફરીયાદીનો પુત્ર કેયુર જમીન જોવા માટે ગયો હતો. ત્યારે ફરીયાદીના કાકાના દિકરા લાલાભાઈ બબાભાઈ, તેમના પત્ની કોકીલાબેન લાલાભાઈ (રહે.ચિલોડા) તેમજ સવિતાબેન અમૃતભાઈ પટેલ (રહે લવારપુર) હાજર હતા. જેઓએ ફરીયાદીના દિકરાને જમીન અમારી છે, જો તમે અહી આવશો તો માર મારીશુ, ત્યાર પછી ફરીયાદીનો પુત્ર કેયુર જમીન જોવા માટે ગયો હતો. ત્યારે ચિલોડાના ભાવેશભાઈ અરવિંદભાઈ પટેલ ટ્રકટર લઈને જમીન ખેડતા હતા. કેયુરે જમીન અમારી છે તેમ કેમ ખેડો છો કહેતા ભાવેશ પટેલે લાલાભાઈ, કોકીલાબેન, સવિતાબેનના કહેવાથી જમીન ખેડતા હોવાનું કહ્યું હતું. કેયુરે જતા રહેવાનું કહેતા ભાવેશ ગાળાગાળી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. જેને પગલે ભીખીબેને કાકાના દિકરા સહિત ચારેય સામે પોલીસ જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ અને ધમકીની ફરીયાદ નોંધાવી હતી.

પ્રાંતિયા સ્મૃતિ વિકાસ શાળામાં દિવ્યાંગ દિવસની ઉજવણી

ગાંધીનગર તાલુકાના પ્રાંતિયા સ્થિત સ્મૃતિ વિકાસ શાળા (નિવાસી મંદબુદ્ધિની શાળા)માં ઉજી ડિસેમ્બર વિશ્વ દિવ્યાંગ દિવસની ઉજવણી અંતર્ગત વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ સહિત દિવ્યાંગ બાળકોની આરોગ્ય તપાસણીનો કેમ્પ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના કન્વીનર વશરામભાઈ અને સહ કર્મચારીએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

વિશ્વ દિવ્યાંગ દિને સચિવાલય ખાતે દિવ્યાંગોનો ધસારો

આજે ''વિશ્વ દિવ્યાંગજન દિવસ'' પ્રસંગે ગુજરાતના અનેક જિલ્લાઓમાંથી દિવ્યાંગો પોતાના પડતર પ્રશ્નોને લઈ સરકાર સમક્ષ રજૂઆત કરવા આવી પહોંચ્યા હતા અને મુખ્યમંત્રીને મળવાની માંગ કરી હતી. દિવ્યાંગો દ્વારા મુખ્ય રજૂઆતમાં દિવ્યાંગોને દર મહિને રૂ. પાંચ હજારનુ પેન્શન, તમામ દિવ્યાંગોને બીપીએલ સ્કોરની વ્યાખ્યામાં સમાવેશ, સરકારી નોકરીઓમાં દિવ્યાંગોને ૪ ટકાના ધારાધોરણ સાથે રોજગારી, ૨૦૧૬ના દિવ્યાંગ ધારાનો રાજયમાં સુચારૂ અમલ, દિવ્યાંગ વિકાસ નિગમની રચના તથા પંચાયતથી પાર્લામેન્ટ સુધી દિવ્યાંગોને પ્રતિનિધિત્વ આપવા માંગ કરવામાં આવી છે.

'વૈશ્વિક દિવ્યાંગતા દિવસ' નિમિત્તે દિવ્યાંગ મહાનુભાવોનું તથા બાળકોનું સન્માન

દર વર્ષે ૩ જી ડિસેમ્બરના દિવસને આંતરરાષ્ટ્રીય દિવ્યાંગ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આજરોજ તારીખ ૩જી ડિસેમ્બરે, ઉઝ્રિઝ્ર ઝ્રૈજઠ્ઠઠ્ઠૈઈંઅ ઝ્રઠ્ઠઅ- 'વૈશ્વિક દિવ્યાંગતા દિવસ' નિમિત્તે યુનાઈટેડ નેશન્સ એસોસિએશન, ગુજરાત દ્વારા, સંસ્થાના પ્રમુખ શ્રી ભરતભાઈ પંડ્યા તથા ઉપપ્રમુખ શ્રી ધનરાજભાઈ નથવાણીની પ્રેરક ઉપસ્થિતિમાં મૂક બધિર અને દિવ્યચક્ષુ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ માટે, પ્રોત્સાહન રુપ એક ગરિમાપૂર્ણ કાર્યક્રમનું આયોજન બહેરા મુંગા બાળકોની શાળા સોસાયટી, અમદાવાદ સાથે સહઆયોજનથી કરવામાં આવેલ. આ કાર્યક્રમમા બહેરા મુંગા શાળાના વાઈસ ચેરમેન શ્રી બિપીનભાઈ પટેલ તથા માનદ મંત્રી શ્રી મિલનભાઈ દલાલે ખાસ હાજરી આપેલ.

આ કાર્યક્રમમા તમામ ૬૫૦ દિવ્યાંગ બાળકોને પ્રોત્સાહિત કરવા ભારતીય મુકબધીર ક્રિકેટ ટીમના ભુતપુર્વ સુકાની શ્રી ઈમરાન શેખ, રાષ્ટ્રપતિ એવોર્ડ તથા અન્ય વિવિધ સન્માનોથી નવાજવામા આવેલ ડૉ. રચનાબેન શાહ, શ્રી સોનલબેન પટેલ,શ્રી ઓમ વર્ષો જીગ્નેશ વ્યાસ તથા શ્રી કલગીબેન રાવલની પ્રેરક ઉપસ્થિતિમા યોજાયેલ. ઉપરોકત તમામ આમંત્રીત સ્પેશીયલ એચીવર્સે મહાનુભાવોનુ શ્રી ભરતભાઈ પંડયા તથા શ્રી ધનરાજ નથવાણી ધ્વારા મેમેન્ટો તથા પ્રમાણપત્ર આપી સન્માનીત

કરવામાં આવેલ. આ તબકકે બહેરા મુંગા બાળકોની શાળાના તમામ શિક્ષકો તથા સ્ટાફનુ તેમના અવિરત યોગદાન બદલ પ્રશંસાપત્ર ધ્વારા સન્માન કરવામાં આવેલ. શાળાના તમામ મુકબધીર બાળકોને નોટબુક તથા સ્કુલકીટ તથા દિવ્યચક્ષુ બાળકોને માઉથ ઓર્ગેન અર્પણ કરવામા આવેલ. શાળામા વિવિધ સ્તરે નોંધપાત્ર દેખાવ કરનાર ૩૦ વિધ્યાર્થીઓનુ પ્રમાણપત્ર તથા ગીફ્ટ ધ્વારા સન્માન કરવામા આવેલ. શાળાના તમામ શિક્ષકો તથા બાળકોમા આ કાર્યક્રમને લઈ એક અનેરો ઉત્સાહ જોવા મળેલ.પૂજ્ય ગાંધી બાપુ દ્વારા જે સંસ્થાનું ખાતમુહૂર્ત અને પ્રારંભ કરવામાં આવેલ,તેવી ૧૧૧ વર્ષ જૂની આ સંસ્થાના પ્રાંગણમાં પૂજ્ય બાપુની પ્રતિમાના સાનિધ્યમાં ખૂબ સુંદર વાતાવરણમાં આજે આ કાર્યક્રમની ગરિમાપૂર્ણ ઉજવણી કરાઈ.આજના આ કાર્યક્રમમાં દિવ્યાંગ વિદ્યાર્થીઓને સન્માનવા યુનાઈટેડ એસસોસિએશન ઓફ ગુજરાતના એક્ઝેક્યુટિવ કાઉન્સિલ મેમ્બર ડૉ. હેમંત ભટ્ટ તથા ડૉ. ઉદિત પંડ્યા પણ ઉપસ્થિત રહ્યા હતા.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે અને રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧

ગાંધીનગર મહાનગરપાલિકા
ભરતી અંગેની જાહેરાત

ગાંધીનગર મહાનગરપાલિકાની નીચે મુજબની મંજુર થયેલી જગ્યાઓ ભરવા માટે વેબસાઈટ http://ojas.gujarat.gov.in પર જાહેરાત પ્રસિદ્ધ કરી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. સંબંધિત ઉમેદવારો તા. ૫/૧૨/૨૦૧૯ (૧૪-૦૦ કલાક) થી તા. ૨૫/૧૨/૨૦૧૯ (૨૩-૫૯) કલાક દરમિયાન ઓનલાઈન અરજીઓ કરી શકે છે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી છે.

ક્રમ	જગ્યાનું નામ	સંખ્યા	ક્રમ	જગ્યાનું નામ	સંખ્યા
૧	ફિમેલ હેલ્થ વર્કર	૨૪	૩	ફાર્માસીસ્ટ	૦૪
૨	મલ્ટી પરપઝ હેલ્થ વર્કર (પુરુષ)	૨૧	૪	લેબોરેટરી ટેકનીશીયન	૦૫

તારીખ : ૦૨/૧૨/૨૦૧૯
સ્થળ : ગાંધીનગર
માહિતી/૧૬૯૪/૧૯-૨૦

સહી/-
મ્યુનિસિપલ કમિશનર,
ગાંધીનગર મહાનગરપાલિકા

ટુંકી જાહેર નિવિદા નં. ૦૮ સને ૨૦૧૯/૨૦

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં.૫, ચોથો માળ, નિર્માણ ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ (ફોન નં. ૫૬૦૩૧)ની કચેરી દ્વારા સરકારશ્રીના સચિવાલય કેમ્પસમાં આવેલ નોન-એસી, બિલ્ડીંગની જાળવણી અને મરામતની કામગીરીને લગતા ૪ (ચાર) કામો કે જેની અંદાજીત કિંમત રૂ. ૦.૯૯ લાખથી ૨.૯૯ લાખ જવા થાય છે. તેના માટે ગુજરાત રાજ્યના બાંધકામ વિભાગની માન્ય યાદીમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા ઈજારદારશ્રીઓ પાસેથી મહોરબંધ ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તારીખ ૧૦/૧૨/૨૦૧૯ તેમજ આર.પી.એ.ડી.થી પરત લેવાની તા. ૧૭/૧૨/૨૦૧૯ રાખવામાં આવેલ છે.

આ કામની વિગતવાર નોટીસ અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. તેમજ વધુ માહિતી માટે ઉક્ત કચેરીનો જાહેર રજાના દિવસો સિવાય રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

માહિતી/૧૬૯૭/૧૯-૨૦

જાહેર નિવિદા નં.૧૦ સને ૨૦૧૯-૨૦

ગુજરાત રાજ્ય બાંધકામ ખાતાના તથા સિંચાઈ વિભાગના કોન્ટ્રાક્ટરોની યાદીમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ કોન્ટ્રાક્ટરો પાસેથી નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, મા. અને મ. પેટા વિભાગ, મોડાસા, ફોન નં. ૨૪૬૨૪૫ તા. મોડાસા, જી. અરવલ્લીની કચેરી દ્વારા ખાસ મરામતની કામગીરીના ૧૨ (બાર) કામોના ટેન્ડરો રજી.પી.એ.ડી. માન્ય ઈજારદારશ્રી પાસેથી મંગાવવામાં આવે છે. જેના કોરા ટેન્ડરો તા. ૧૪/૧૨/૨૦૧૯ સુધીમાં જરૂરી દસ્તાવેજો તથા ટેન્ડર ફી રજૂ કરવાથી આપવામાં આવશે. જે રજી.પો.એ.ડી.થી પરત લેવાની છેલ્લી તા. ૨૧/૧૨/૨૦૧૯ છે. આ કામનો વિગતવાર નોટીસ કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. આ નોટીસ અંગેની વધુ માહિતી માટે ઉપરોક્ત કચેરીનો જાહેર રજા સિવાયના દિવસોમાં રસ ધરાવતા ઈજારદારે રૂબરૂ સંપર્ક સાધવા વિનંતી છે.

નામાનિ/હિંમત/૩૩૧/૧૯

જાહેર સુચના

આથી નગરપાલિકા ધાનેરા વિસ્તારના રહીશો / વેપારીઓ / સ્વૈચ્છિક સંસ્થાઓ / જાહેરાત માટેની એજન્સીઓને જણાવવામાં આવે છે કે, સરકારશ્રી દ્વારા ગુજરાત ફાયર પ્રિવેન્સન એન્ડ લાઈફ સેફટી મેઝર્સ એક્ટ-૨૦૧૩ની કલમ-૫૫ અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૨૨ હેઠળ, અલગ-અલગ બાંધકામોમાં લગાવવામાં આવતા હોર્ડીંગ તેમજ જમીન ઉપર લગાવવામાં આવતા હોર્ડીંગના કારણે આગ લાગવાના બનાવ ન બને તે માટે ઉક્ત કાયદા હેઠળ (એ) તમામ હોર્ડીંગ ફક્ત લિન્ટલ લેવલ અને ઉપલા માળના ફ્લોર લેવલ સુધીના ભાગમાં જ લગાવી શકાશે. (બી) કોઈપણ હોર્ડીંગ દિવાલની અથવા જેના પર લગાવવામાં આવેલ હોય તે સપાટીથી ૩૦ સે.મી. સુધી બહાર નીકળી શકશે. આ મુજબ ૬૦ દિવસમાં હોર્ડીંગના માપોમાં ફેરફાર કરવાનો રહેશે. નગરપાલિકા ધાનેરા વિસ્તારમાં ફાયર એન.ઓ.સી. મેળવેલ નથી તેઓએ પણ નિયમોનુસાર એન.ઓ.સી. મેળવી લેવા જણાવવામાં આવે છે. અન્યથા નિયમાનુસારની કાર્યવાહી કરવામાં આવશે.

તા. ૨૯/૧૧/૨૦૧૯

એસ.એમ. અન્સારી	વસંતીબેન વી. ગલચર	યુસુફખાન એમ. બેલીમ
મુખ્ય અધિકારી	ઉપપ્રમુખ	પ્રમુખ
નગરપાલિકા ધાનેરા	નગરપાલિકા ધાનેરા	નગરપાલિકા ધાનેરા